**<u>ફોર્મ–એ</u>**

સત્યमेव जयते

**વિરમગામના મહે. છઠ્ઠાં એડિ. ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ**
**(એચ.એ.ઉપાધ્યાય ) સાહેબશ્રીની કોર્ટમાં, તા.વિરમગામ, જિ.અમદાવાદ.**
**<u>ચુકાદાની તા.૦૮/૦૪/૨૦૨૬</u>**

**સ્પે. ઈલે. કેસ નં.૩૪૬/૨૦૨૪**
**આંક:**

**(F.I.R.ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)**
**જી.યુ.વી. એન. એલ. સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજિસ્ટર નં.: ૬૯૩૧/૨૦૨૧**
**ગુનો: ધી ઈન્ડીયન ઈલે. એકટ–૨૦૦૩ની કલમ–૧૩૫(૧) બી મુજબ**
**પોલીસ સ્ટેશન: જી.યુ.વી.એન.એલ.સાબરમતી પોલીસ સ્ટેશન, અમદાવાદ.**

| | |
|---|---|
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| **વિ.મ.સ.વ. મારફતે** | **વિદ્વાન એ.પી.પી.શ્રી એચ.આર.સોલંકી** |
| **આરોપી** | **ગોવિંદભાઈ વશરામભાઈ વાઘેલા,** ઉ.વ.૫૫,<br>રહે.: હરિજન વાસ,ગામ–કાલ્યાણા, તા.વિરમગામ, જી.અમદાવાદ. |
| **આરોપી તરફે** | **વિ. વકીલશ્રી એમ.કે.સિંઘવ** |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૨૫/૦૮/૨૦૨૧ |
| **ફરિયાદની તારીખ** | ૦૩/૧૧/૨૦૨૧ |
| **ચાર્જશીટની તારીખ** | ૧૭/૦૭/૨૦૨૩ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૨૩/૦૬/૨૦૨૫ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૨૫/૧૧/૨૦૨૫ |
| **ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ** | ૩૦/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૮/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ** | – |

**<u>આરોપીની વિગત:–</u>**

| આરોપી નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસૂરવાર | શું સજા કરી | CRPCની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કેદી તરીકે રહેલાં છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ગોવિંદભાઈ વશરામભાઈ વાઘેલા** | | ૧૭/૦૭/૨૩ | ધી ઈન્ડીયન ઈલેકટીક એકટ–૨૦૦૩ની કલમ–૧૩૫ (૧) બી | શંકાનો લાભ | આખરી હુકમ મુજબ | ૦૦ દિવસ |

## ફોર્મ–સી

**ફરિયાદ પક્ષના સાહેદોનું લિસ્ટ:**

| અનુ. નં. | આંક | નામ | પુરાવોનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૦૬ | મુકેશભાઈ ઉપેન્દ્રનાથ ઓઝાનો સોગંદ ઉપરનો પુરાવો | ફરિયાદી |
| ૨. | ૧૪ | રાજેન્દ્રસીંહ પોપટજી ડાભીનો સોગંદ ઉપરનો પુરાવો | તકઅ સાહેદ |

**ફરિયાદ પક્ષના આંકે પડેલ દસ્તાવેજો:**

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરિયાદ |
| ૨. | ૦૮ | એફ.આઈ.આર. |
| ૩. | ૦૯ | ગ્રાહકનું નિવેદન |
| ૪. | ૧૦ | એનેક્ષર–સી |
| ૫. | ૧૧ | પુરવણી બીલ |
| ૬. | ૧૨ | વીજ વપરાશ બીલ |
| ૭. | ૧૩ | વીજચોરીના પૈસા ભરવાની નોટીસ |

## – : : ચુ કા દો : : –

૧. સદર કામે ફરિયાદની ટૂંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૫/૦૮/૨૦૨૧ ના કલાક ૧૦:૦૦ વાગે મોજે હરીજન વાસ, ગામ–કાલ્યાણા, તા.વિરમગામ મુકામે પોતે વીજ કંપનીના ગ્રાહક નં.૭૩૮૨૧૨૦૦૩૩૨ થી વીજ જોડાણ ધરાવતા હોવા છતાં

પોતાના પીળા રંગના વધારાના ખાનગી વાયરથી વીજ લાઈનમાં આંકડી મારી બિન અધિકૃત રીતે વિજ વપરાશ કરતાં પકડાઈ જઈ રૂા.૧૦,૦૨૯.૮૫/– પૈસાની વીજચોરી કરી હોવા બાબતની ફરિયાદ ફરિયાદીએ જી. યુ. વી. એન. એલ. સાબરમતી પો. સ્ટે. નોંધાવતા આરોપી વિરુધ્ધ જી. યુ. વી. એન. એલ. પો. સ્ટે. સેકન્ડ ગુ. ર. નં. ૬૯૩૧/૨૦૨૧, ધી ઈન્ડીયન ઈલે. એકટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ (૧) બી મુજબનો ગુનો નોંધાયેલ છે.

૨. આરોપી સામેનો હાલનો કેસ સેશન્સ કમીટ થઈને અત્રેની કોર્ટમાં ચાલવા માટે આવતા આરોપી તેમના વિ. વ. શ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થતાં આરોપી વિરુધ્ધ આંક:૦૪ થી ત્હોમતનામું ફરમાવેલ છે. બાદ આંક:૦૫ થી આરોપીનો જવાબ નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે.

૩. ત્યારબાદ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો લક્ષ્યમાં લેતાં આરોપીનું ક્રિ. પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, તેઓ નિર્દોષ ગરીબ માણસ છે. તેઓએ કયારેય વીજચોરી કરેલ નથી. તેઓની સામે ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. તેઓ નિર્દોષ છે તેઓને સદર કામમાંથી મુકત કરવા જણાવેલ છે. ત્યારબાદ ફરિયાદ તરફે વિ. એ.પી. પી. એચ. આર. સોલંકીની તેમજ આરોપી તરફે વિ. વ. શ્રીની દલીલો સાંભળી.

૪. ઉપરોકત હકીકતે આ કામે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.:–

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૫/૦૮/૨૦૨૧ ના કલાક ૧૦:૦૦ વાગે મોજે હરીજન વાસ, ગામ–કાલ્યાણા, તા.વિરમગામ મુકામે પોતે વીજ કંપનીના ગ્રાહક નં.૭૩૮૨૧૨૦૦૩૩૨ થી વીજ જોડાણ ધરાવતા હોવા છતાં પોતાના પીળા રંગના વધારાના ખાનગી વાયરથી વીજ લાઈનમાં આંકડી મારી બિન અધિકૃત રીતે વિજ વપરાશ કરતાં પકડાઈ જઈ રૂા.૧૦,૦૨૯.૮૫/– પૈસાની વીજચોરી કરી , જી. યુ. વી. એન. એલ. પો. સ્ટે. સેકન્ડ ગુ. ર. નં. ૬૯૩૧/૨૦૨૧, ધી ઈન્ડીયન ઈલે. એકટ ૨૦૦૩ ની કલમ– ૧૩૫ (૧) બી અન્વયેનો સજાને પાત્ર ગુનો કરેલ છે. ?

(૨) શું આખરી હુકમ. ?

૫. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે. :–

મુદ્દા નં.૧ નકારમાં,

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

–: **નિર્ણયના કારણો** :–

મુદ્દા નં.૧:–

૬. આ તમામ મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોય કેસની હકીકત, પુરાવા અને કાયદાની પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે હેતુથી આ તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૭. આ કામમાં આરોપી વિરુધ્ધ આંક:૦૪ થી જે ત્હોમતનામું ફરમાવવામાં આવેલ છે, તે પુરવાર માટે ફરિયાદ પક્ષે કુલ–૦૨ સાક્ષીઓ તપાસવામાં આવેલાં છે અને કુલ– ૦૭ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

–: **ફરિયાદ પક્ષે કરેલ પુરાવાની ચર્ચા** :–

૮. આ કામે સૌપ્રથમ ફરિયાદ પક્ષ તરફથી ફરિયાદી સાહેદ નં.૧ મુકેશભાઈ ઉપેન્દ્નનાથ ઓઝા, આંક: ૦૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હાલ તેઓ બાવળા ઔધોગીક પેટા વીભાગમા નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. સને ૨૦૨૦થી સને ૨૦૨૨ સુધી તેઓ માંડલ સબડીવીઝન ઓફીસમા નાયબ ઈજનેર તરીકે ફરજ પર હતા ત્યારે વીજકંપનીના સુચનાથી તા. ૨૫.૦૮.૨૦૨૧ હરીજનવાસ, કાલીયાણાગામે, તા. વિરમગામ ખાતે તેઓ તથા વીજકર્મચારી રમેશભાઇ વજુભાઇ રથવીનાઓ વીજચેકીંગ માટે કલ્યાણા ગામે ગયેલા. વીજચેકીંગ દરમ્યાન ગોવિંદભાઈ વશરામભાઈ વાઘેલાના ઘરે જવાનુ થયેલુ. તેઓ વીજજોડાણ ધરાવતા ગ્રાહક હતા છતા વીજચેકીંગ દરમ્યાન પોતાના પીળા રંગના વધારાના ખાનગી વાયરથી વીજલાઇનમા આંકડી મારી બીનઅધિકૃત રીતે વીજવપરાશમા પકડાઇ જઇ ગુનો કરેલ અને રુ. ૧૦૦૨૯.૮૫/–ની વીજચોરી કરી ગુનો કરેલ. જે બાબતે સ્થળ ઉપર તેઓએ રોજકામ તથા અન્ય વીજચોરી અંગેની કાર્યવાહી કરેલી. સ્થળ ઉપર ગોવિંદભાઇના ઘરમા હાજર

લક્ષ્મીબેને અમોએ તૈયાર કરેલા પેપર્સમા અંગુઠો કરેલો જે ગ્રાહકના નિવેદનમા તેમની સહી બતાવતા ઓળખે છે. આ વીજચોરીના તમામ પેપર્સ તૈયાર કર્યા બાદ આરોપીએ વીજચોરીના પૈસા ન ભરતા કંપનીની સુચના મુજબ અને તેમના હોદ્દાની રુએ સાબરમતી પો.સ્ટે. ખાતે ફરીયાદ તેઓએ આપેલી. જે બાબતે ગુનો રજી. થવા પામેલો. આરોપી કોર્ટમા હાજર છે તેમને ઓળખે છે. તેમને આ ગુનાની કોર્ટ રેકર્ડમાથી તેઓએ આપેલી ફરીયાદ બતાવવામા આવે છે જેમા તેમની સહી બતાવતા ઓળખે છે. જે આ કામે આંક–૦૭ થી રજુ કરવામાં આવેલ છે તથા આ ગુના અંગે નિ. ૩/૧ દાખલ થયેલ એફ.આઈ.આર. તેઓને બતાવવામા આવે છે જેનાથી તેઓ માહીતગાર છે. જે આ કામે આંક–૮ થી રજુ કરવામાં આવેલ છે. તેમને નિ. ૩/૩ ગ્રાહકનુ નિવેદન, નિ. ૩/૪ એનેક્સર સી., નિ. ૩/૫ પુરવણી બીલ, નિ. ૩/૬ વિજવપરાશ બીલ, નિ. ૩/૭ વિજચોરીના પૈસા ભરવાની નોટીસ તમામ પેપર્સનો અભ્યાસ કરી વંચાણે લઇ આરોપીએ વીજચોરીના પૈસા ન ભરતા તેઓએ ફરીયાદ આપેલ જે તમામ આ કામે આંક–૦૯ થી આંક–૧૩ સુધીના રજુ કરવામાં આવેલ છે. આરોપીને તેઓ ઓળખે છે.

સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ હાલ તેમને યાદ નથી કે, વીજચેકીંગ માટે ગયેલ ત્યારે ગોવિંદભાઈ હાજર હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વીજચેકીંગ બાદ તે દિવસે કે બીજા દિવસે ફરીયાદ નોંધવામાં આવતી નથી. સાહેદ જણાવે છે કે ૨૪–૪૮ કલાકની અંદર સાબરમતી પો.સ્ટે.માં ફરીયાદ દાખલ કરીએ છીએ.

૦૯. આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં. ૨ રાજેન્દ્રસીંહ પોપટજી ડાભી, આંક: ૧૨ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હાલ તેઓ જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. ખાતે એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવે છે. તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ આરોપી ગોવીંદભાઇ વશરામભાઇ વાઘેલા, ગામ–કલ્યાણા વિરૂધ્ધ વીજચોરી અંગે નાયબ ઇજનેર મુકેશભાઇ ઓઝા એ લેખીત ફરીયાદ આપતાં તા.૦૩/૧૧/૨૦૨૧ ના રોજ પી.એસ.ઓ. જે.એસ.પ્રજાપતિ નાઓએ આ બાબતે ગુનો રજીસ્ટર કરવામાં આવેલો. આ ગુન્હો દાખલ થયા બાદ આ ગુનાની પ્રથમ તપાસ જે.એસ.પ્રજાપતિએ કરેલ. જે બાદ તપાસ તેઓએ સંભાળેલ અને ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા સાહેદોના નિવેદનો લીધેલા. તેમને નિશાની ૩/૨ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં રૂબરૂપણામાં તેમની સહી બતાવતા ઓળખી બતાવે છે. જે આ કામે આંક–૧૫ થી રજુ કરવામાં આવેલ છે. આરોપીને ચાર્જશીટ સાથે તેઓએ નામ.કોર્ટમાં રજુ કરેલા. આરોપીને ઓળખે છે. તેમને આંક–૮ વાળી ફરીયાદ બતાવવામાં આવે

છે જેની તપાસ તેઓએ તેની સાથે રજુ કરેલા પેપરો વાંચીને આ ગુનાની તપાસ તા.૨૩/૦૯/૨૦૨૨ ના રોજ સંભાળેલ હતી.

સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદ કેટલી મોડી આપેલ તેની તેમને જાત માહીતી નથી.

૧૦. હવે આ કામે આક્ષેપીત ગુના બાબતે કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવી જરુરી છે. ઉપરોકત પુરાવાનું ગુણદોષ ઉપર મુલ્યાંકન કરવા માટે આપણે આ અધિનિયમની કલમ–૧૫૧ જોઈએ તો તે નીચે પ્રમાણે છે.

'' કોઈપણ કોર્ટ, યોગ્ય સરકારે અથવા યોગ્ય કમિશને અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ અધિકારીએ અથવા ચીફ ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટર અથવા ઈલેકટ્રીક ઈન્સ્પેકટર અથવા લાયસન્સદાર અથવા યથા પ્રસંગે કંપનીને આ હેતુ માટે કરેલ લેખીત ફરિયાદ ઉપરથી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકશે નહીં. ''

૧૦.૧ જયારે આ અધિનિયમની કલમ–૫૦ નીચે પ્રમાણે છે.

'' રાજય કમિશન, ઈલેકટ્રીસીટી ચાર્જીસ વસુલ કરવા માટે, ઈલેકટ્રીક ચાર્જીસના બીલ માટેનો ગાળો, તે નહીં ભરવા માટે ઈલેકટ્રીસીટી સપ્લાય બધ કરવા, ઈલેકટ્રીસીટી સપ્લાયનું પૂર્નઃ મુલ્યાંકન, ચેડા કરવા, ઈલેકટ્રીક પ્લાન્ટ ઈલેકટ્રીક લાઈન અથવા મીટરનો નાશ કરવા, ડીસ્ટ્રીબ્યુશન લાયસન્સદારનો પ્રવેશ અથવા સપ્લાય બંધ કરવા અથવા મીટર ખસેડવા, ઈલેકટ્રીક લાઈન અથવા ઈલેકટ્રીક પ્લાન્ટ અથવા મીટર બદલવા, ફેરફાર કરવા અથવા જાળવવા માટે પ્રવેશ માટે જોગવાઈ કરવા, ઈલેકટ્રીક સપ્લાય કોડ નિર્દેશ કરશે. ''

૧૦.૨ આ અધિનિયમની કલમ–૧૩૫(૨) પ્રમાણે રાજય સરકારે આ માટે અધિકૃત કરેલ વ્યકિતને ૧૩૫ (૨) (એ) થી ( સી ) માં જણાવેલી હકીકત જણાય કે માનવાને કારણ હોવું જોઈએ. આમ, આ જોગવાઈમાં પણ રાજય સરકાર ધ્વારા અધિકૃત કરેલી વ્યકિતની હાજરી અને તેના ધ્વારા કાર્યવાહી થવી જરુરી છે.

૧૦.૩ આ અધિનિયમની કલમ–૧૩૫ (૩) પ્રમાણે ઝડતીના સ્થળે સ્થળનો ભોગવટેદાર અથવા તેના વતી કોઈપણ વ્યકિત, ઝડતી દરમ્યાન હાજર રહેશે અને આવી ઝડતી દરમ્યાન કબજે લીધેલી, તમામ વસ્તુઓની યાદી, તૈયાર કરવી જોઈશે અને આવા ભોગવટેદાર અથવા આવી વ્યકિતને આપશે અને તેણે યાદીમાં સહી કરવી જોઈશે. આ જોગવાઈ આજ્ઞાત્મક છે અને તેનું પાલન ન થયું હોય તો આરોપીને પૂર્વગ્રહ ઉભો થાય છે.

૧૦.૪ આ અધિનિયમની કલમ–૧૩૫ પ્રમાણે, જપ્તી અને ઝડતીને લગતી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની જોગવાઈઓ, શકય હોય એટલે સુધી આ અધિનિયમ હેઠળની જપ્તી અને ઝડતીને લાગુ પડશે.

૧૦.૫ આમ, જપ્તીની અને ઝડતીની કાર્યવાહી જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ પ્રમાણે શકય તેટલી કરવી જોઈએ. તેવી કાર્યવાહીની રીત જોઈએ તો આ કામમાં જે મુદામાલથી વીજચોરી કરી છે તે મુદામાલ કબજે લેવો પડે છે, પરંતુ આ કામે કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ હોવાની હકીકત ફલીત થતી નથી ત્યારે ફરીયાદ પક્ષના કેસની હકીકતો બાબતે શંકા રહે છે.

૧૦.૬ આમ, ઝડતી અને જપ્તીની કાર્યવાહી કે જે ફોજદારી કાર્યરીતીઅધિનિયમ પ્રમાણે કરવી જોઈએ તે પણ આ કામમાં ફરિયાદ પક્ષે કરેલ નથી અને મુદામાલ કબજે કરેલ છે જે આ કામે રજુ થયેલ નથી. જેથી તે રીતે આ ગુનામાં ફરિયાદીએ જણાવ્યા પ્રમાણે મુદામાલનો ઉપયોગ કરી ગેરકાયદેસર રીતે વીજળી આરોપીએ આ અધિનિયમની કલમ–૧૩૫ પ્રમાણે મેળવેલ હોવાનું નિ:શંકરીતે પુરવાર થતું નથી.

૧૦.૭ એ. આઈ. આર. ૧૯૭૧ ( સુપ્રિમ કોર્ટ ) ૧૮૬૫ ઉપરના સાઈડ તારાજી ખીમચંદ વિ. યેલામાત્રી સત્યમના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે કે, માત્ર દસ્તાવેજને આંક પાડવાથી દસ્તાવેજ સાબિત કરવાની જવાબદારી જતી રહેતી નથી. નામ. સુપ્રિમ કોર્ટે આગળ એમ પણ ઠરાવેલ છે કે, જે દસ્તાવેજને આંક પડે તે દસ્તાવેજ માંહેના તથ્યો સાચા હોવાનું સાબીત થવું જોઈએ અને ત્યારબાદ તે તથ્યો સ્વીકારવા પાત્ર છે કે કેમ તે અદાલતે નકકી કરવાનું રહે છે. પ્રસ્તૃત કામમાં પંચનામા એટલે કે, સ્થળ રોજકામની વિગતો ફરિયાદી પક્ષ નિ:શંકપણે સાબિત

કરી શકેલ નથી. જેથી સ્થળ રોજકામની ખરાઈ અંગે પણ શંકા ઉદ્દભવે છે અને તેમાં જણાવેલ હકીકતો પણ શંકા ઉપસ્થિત કરે તેમ છે.

૧૦.૮ એ ઉલ્લેખનીય છે કે, નામ. ગુજરાત હાઈકોર્ટની ક્રિમી. અપીલ નં.૯૬૯/૨૦૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. કરશન ચકુભાઈ પરમારના કેસમાં નામ. ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચે તા:૨૯/૦૭/૨૦૦૭ના ચુકાદાના પેરા–૬.૧ માં ઠરાવ્યું છે કે, '' નીચલી અદાલતે પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાયું કે ફરિયાદ પક્ષે સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી, જી.ઈ.બી. ના અધિકારી સિવાયના કોઈ અધિકારીને તપાસવામાં આવેલા છે તે રસ ધરાવનાર સાહેદો છે, ફરિયાદ વિલંબથી નોંધવામાં આવેલ છે. તેવા સંજોગોમાં સ્પેશ્યલ કોર્ટે ફરિયાદ પક્ષના કેસમાં મહત્વની ખામી રહી ગઈ છે અને ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમજ આવા જ કારણસર ફરિયાદ પક્ષ આરોપીએ પાવર ચોરી કરી છે તે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે, તેથી નીચેની અદાલતે આરોપીને શંકાનો લાભ આપ્યો છે અને તેવા ફાઈન્ડીંગમાં કોઈ હસ્તક્ષેપ કરવાનું અમોને કારણ જણાતું નથી તેમજ ટ્રાયલ કોર્ટે જે કારણો આપેલા છે તે સંપૂર્ણ રીતે ન્યાયી છે અને યોગ્ય છે અને તેમાં કોઈ ગેરકાયદેસરતા નથી અને કોઈ ક્ષતિ રહેલ નથી. તેથી વિધ્વાન નીચેની અદાલતનો આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ કાયમ કર્યો છે અને આ અપીલ કાઢી નાંખી છે. '' ઉપરોકત નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં તારવેલા સિધ્ધાંતો આ કેસની હકીકતમાં બિલ્કુલ લાગુ પડે છે. કહેવાતા ગુનાના કામમાં મુદામાલ રીકવર કરવો જોઈએ અને તે અંગેનું પંચનામુ કરીને તેવો મુદામાલ તપાસ કરનાર એજન્સીએ રીકવર કરવો જોઈએ અને તેની મુદામાલ પાવતી ફાડીને તેને મુદામાલ રજી. નોંધ લેવી જોઈએ અને મુદામાલ ચાર્જશીટ સાથે અને મુદામાલની પાવતી સહીત કોર્ટમાં રજુ કરવો જોઈએ અને સબંધિત કોર્ટે તે મુદામાલ રજી. લેવો જોઈએ, જેથી કરીને આ મુદામાલ આ ગુનામાં વપરાયો છે કે કેમ તે નકકી થાય. જયાં સુધી પોલીસ આ રીતે મુદામાલ ગુનાવાળી જગ્યાએથી રીકવર કરીને કોર્ટ સમક્ષ રજુ ન કરે ત્યાં સુધી આવો મુદામાલ આ ગુનામાં સંડોવાયેલ છે કે ગુનો કરવામાં આવો મુદામાલનો ઉપયોગ કરાવેલ છે કેમ અને આરોપીએ આ મુદામાલથી ગુનો આચર્યો છે કે નહીં તે નકકી થઈ શકે નહીં તેમજ તપાસ કરનાર એજન્સીને સ્થળ ઉપર જઈને આરોપીની હાજરીમાં મુદામાલ

રીકવર કરી તેનું પંચનામુ કરવું જોઈએ. તે રીતે આ કામમાં પંચનામુ પોલીસ એજન્સીએ કરેલ ન હોય તેથી આરોપીને પૂર્વગ્રહ ઉભો થાય છે અને આરોપીએ આ ગુનો કર્યો છે કે કેમ તે પણ શંકા ઉભી થાય છે. તેવા સંજોગોમાં ફરિયાદ પક્ષે તપાસમાં મહત્વની ઉપરોકત ખામીઓ રાખેલ હોય તેથી આ કેસમાં આરોપીએ વિજચોરી કરી છે, તે આક્ષેપ નિ:શંકપણે પુરવાર થતો નથી તેથી આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ.

૧૦.૯ નામદાર ગુજરાત હાઈકોર્ટની નામદાર ડીવીઝન બેન્ચે સ્ટેટ ઓફ ગુજરાત વિ. કમલભાઈ નારણભાઈ વ્યાસ, ક્રિ. અ. નં.૧૭/૨૦૦૯, જજમેન્ટ તા:૨૭/૦૩/૨૦૦૯ના ચુકાદામાં પેરા–૬માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જે મકાનમાં વીજચોરી થયેલ છે, તે મકાન કોની માલિકીનું છે તે બતાવતો કોઈ આધાર પુરાવો ફરિયાદ પક્ષે રજુ કરેલો નથી અને તેથી આરોપીને કલમ–૧૩૫ મુજબના વીજચોરીના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. નામ. ગુજરાત હાઈકોર્ટની નામદાર ડીવીઝન બેન્ચે સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુહાગ મગનલાલ વાછાણી, ક્રિ. અ. નં.૨૧૩૩/૨૦૦૯, જજમેન્ટ તા:૨૧/૦૪/૨૦૧૦ના ચુકાદાના પેરા–૩માં ઠરાવેલ છે કે, જે મિલકતમાં વીજચોરી થઈ રહી હતી તેવો ફરિયાદ પક્ષનો આક્ષેપ હોય તે મિલકત આરોપીના એક્ષકલ્યુઝીવ પઝેશનમાં હોવાનું ફરિયાદ પક્ષે પુરવાર કરવું જરુરી છે. અન્યથા, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

૧૦.૧૦ ફરિયાદીએ મુદામાલ ચાર્જશીટની સાથે કોર્ટમાં રજુ કરેલ નથી કે મુદામાલ કબજે કર્યાનું પંચનામુ રજુ કરેલ નથી કે આવું પંચનામુ કોર્ટ રુબરુ રજુ કરેલ નથી તેમજ બનાવવાળી જગ્યાના માલીક કે કબજેદાર આ કામના આરોપી છે તેવું નિ:શંક રીતે સાબીત થતું નથી તેમજ આ અધિનિયમની કલમ–૧૩૫ (૩) પ્રમાણે ગુનાવાળી જગ્યાએ ઝડતી દરમ્યાન સ્થળ ઉપર કબજેદાર એટલે કે, આ કામના આરોપી હાજર ન હતા કે તેમની રુબરુમાં કોઈ મુદામાલ કબજે કરેલ હોય અને તેની યાદી બનાવવામાં આવેલ હોય અને તેમાં આરોપી કે કબજેદાર કે ભોગવટેદારે તેવી યાદીમાં સહી કરેલ હોય તેવું સાબીત થતું નથી. આમ, આ અધિનિયમની કલમ–૧૩૫ (૩) ની આદેશાત્મક જોગવાઈઓનું પણ પાલન થતું નથી. તેથી આરોપીને પૂર્વગ્રહ ઉભો થાય છે.

૧૦.૧૧ આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં તથા મારી ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષ્યમાં લેતા આપણે ફરિયાદ પક્ષે તેમની કાર્યવાહીમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૯૯ થી ૧૦૧ ની જોગવાઈનું ચુસ્તપણે પાલન નથી કર્યુ તો પણ ગોપાલભાઈ ચંદુભાઈ રાણા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૮ (૩), જી. એલ આર. ૨૦૨૬ ના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે, ફરિયાદ પક્ષે જે ફોજદારી કાર્યરીતી સંહિતાની ઉપરોકત જોગવાઈનું પાલન ચુસ્તપણે કરેલ જ નથી તેને અનિયમિતતા ગણી લઈએ તો પણ, ઉપરોકત નામ. ગુજરાત હાઈકોર્ટના છેલ્લા ચુકાદાઓ પ્રમાણે પણ ફરિયાદ પક્ષનો કેસ ગુણદોષ ઉપર વિશ્વસનીય જણાતો નથી. તેમજ '' અહેવાલ '' તથા રોજકામમાં માત્ર સહીઓ જ પુરવાર કરવામાં આવ્યેથી અહેવાલ તથા રોજકામની હકીકત પુરવાર થતી નથી. માત્ર ગુનાના તપાસ કરનાર અધિકારી તે અહેવાલ બાબત સોગંદ ઉપરની જુબાની આપે તો તેથી આરોપીને સજા કરવી સલાહ ભરેલું નથી. ગુનાવાળી જગ્યાના માલિકી અને કબજા બાબત અને તેની સાથે આરોપીને આ ગુનામાં સાંકળતો નિ:શંક પુરાવો હોવો જોઈએ. વધુમાં આ કામના આરોપીના મકાન અંગે કે આરોપીનું કોઈ ઓળખકાર્ડ આ કામે રજુ કરેલ નથી. આમ, ચોકકસપણે હાલના આરોપી આક્ષેપીત જગ્યાએ જ વીજચોરી કરતા મળી આવેલ હોવાનું અને આરોપી આક્ષેપીત જગ્યાના કબજેદાર અને ભોગવટેદાર હતા તેવું લેશમાત્ર પુરવાર થતું હોવાનું ગણી શકાય નહીં. હાલના આરોપી સામેના આ ગુનો ફરિયાદ પક્ષ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, આ કામમાં આરોપીને કહેવાતા ગુના સાથે સાંકળી શકાય તેવો નિ:શંક પુરાવો નથી. જેથી આરોપીને કહેવાતા ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં.

૧૦.૧૨ આ ઉપરાંત આપણે નામ. ગુજરાત હાઈકોર્ટની નામ. ડીવી. બેન્ચનો ચુકાદો જોઈએ તો નામ. ગુજરાત હાઈકોર્ટે સ્ટેટ ઓફ ગુજરાત વિ. જયેન્દ્રસિંહ મોતીસિંહ ઝાલા, ૨૦૧૨ (૨), ગુજરાત કરન્ટ ડીસીઝન, ૧૧૧૦ ( ડીવી. બેન્ચ ) ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, વીજચોરીના ગુનામાં જયારે અનઅધિકૃત જોડાણનો ફરિયાદ પક્ષનો આક્ષેપ હોય ત્યારે કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે સ્પેશ્યલ અદાલતે એ હકીકત ધ્યાને લેવાની છે કે, ફરિયાદ પક્ષનો કેસ નબળા પુરાવાથી આરોપી સામેનો ગુનો પ્રસ્થાપિત કરવામાં નબળો બને છે. તે કેસમાં નામ. ગુજરાત હાઈકોર્ટની નામ. ડીવી. બેન્ચ સમક્ષ એવી હકીકત હતી કે, જયારે

ચેકીંગ કરવામાં આવ્યું તે સમયે કોઈ પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલ જ ન હતું તથા કરવામાં આવેલી વીજચોરી માટે આરોપીએ જે સાધનોનો ઉપયોગ કરેલો હતો તે સાધનો કબજે કરવામાં આવેલ ન હતા અને જે મકાનમાં રેઈડ કરવામાં આવેલ હતી. ચોરીનો બનાવ અને ચેકીંગનો બનાવ તા:૦૩/૧૦/૨૦૧૬ ના રોજ નોંધાયેલ છે. તે ઘરનો કબજેદાર કોણ હતો તે નકકી થઈ શકતું ન હતું અને તેથી વીજચોરી માટે હાલના આરોપીને જવાબદાર ગણી શકાય નહીં તેમ નામ. હાઈકોર્ટની નામ. ડીવી. બેન્ચે ઠરાવેલ છે અને સ્પેશ્યલ અદાલત ધ્વારા આરોપીને નિર્દોષ છોડી મુકવાનો જે હુકમ છે તે કાયમ રાખેલો છે. આમ, નામ. ગુજરાત હાઈકોર્ટની નામ. ડીવી. બેન્ચના આ ચુકાદા મુજબ જે મકાનમાં વીજચોરી થાય તે મકાન આરોપીની માલિકી અથવા કબજો છે તેમ દસ્તાવેજી પુરાવાથી સાબીત થવું જોઈએ, અન્યથા આરોપીને સજા થઈ શકે નહીં. નામ. ડીવી. બેન્ચે એમ પણ ઠરાવેલ છે કે ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કરવું ફરજીયાત છે તથા નામ. ડીવી. બેન્ચે એમ પણ ઠરાવેલ છે કે, જે સાધનો તથા વાયરો વડે વીજ ચોરી થતી હતી તેવો આક્ષેપ હોય તે સાધનો તથા વાયરો કબજે કરવા જોઈએ અને ત.ક. અ. એ તે સ્પેશ્યલ અદાલતમાં રજુ પણ કરવા જોઈએ, અન્યથા આરોપીએ ગુનો કર્યો છે તેમ સાબીત થયેલું માની શકાય નહીં. સાહેદોના નિવેદનો નોંધવામાં પણ બીનજરુરી વિલંબ થયેલો અને તેથી તપાસ દુષિત થાય છે. વળી ગુનો બન્યા તારીખ તેમજ ફરિયાદ દાખલ થયા તારીખમાં ઘણો મોટો વિલંબ થયેલ હોવાનું સ્પષ્ટ માલુમ પડે છે, તેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

૧૧. આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં તથા મારી ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષ્યમાં લેતાં આ કામે પોલીસે આરોપીની માલીકીના કે ઓળખના કોઈ પુરાવા મેળવેલા નથી કે આ કામે ચોરીમાં વપરાયેલ વીજ વાયર મુદામાલ તપાસના કામે રજુ કરેલ નથી અને તેથી આ કામમાં આરોપીને કહેવાતા ગુના સાથે સાંકળી શકાય તેવો નિ:શંક પુરાવો નથી. જેથી આરોપીને કહેવાતા ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, કેસના તમામ સંજોગો લક્ષ્યમાં લેતાં મુદા નં.૧ નો નિર્ણય '' નકાર '' માં ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: **<u>હુકમ</u>** :-

૧. આરોપી ગોવિંદભાઈ વશરામભાઈ વાઘેલા રહે. હરીજન વાસ, ગામ-કાલ્યાણા, તા.વિરમગામ, જી.અમદાવાદ નાઓને ક્રીમીનલ કોડની કલમ-૨૩૫ (૧) મુજબ ભારતીય ઈલેકટ્રીસીટી એકટની કલમ-૧૩૫ (૧) બી મુજબના ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ક્રિ.પ્રો. કોડની નવી સુધારેલી કલમ-૪૩૭ (એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ રૂા:૧૫,૦૦૦/- ( અંકે રુપીયા પંદર હજાર ) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીના જામીન તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ:૦૮મી, માંહે- એપ્રિલ સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૮/૦૪/૨૦૨૬
વિરમગામ

**( એચ. એ. ઉપાધ્યાય )**
છઠ્ઠાં એડિ. ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ,
તા.વિરમગામ, જિ.અમદાવાદ.
UID NO. GJ.00635

prchavda
p.a.